સુરતી દરજીની સોળ પરગણાની પંચના નિયમો.

છપાવી પ્રસીદ્ધ કરનાર

રા. રા. કાલીદાસ જેરામ.

મુ. વાંકાનેર. તાલુકો બારડોલી.

જીલ્લો સુરત.

સુરત-ચૌટાના પુલ ઉપર આવેલા "સુરત સીટી" પ્રી.
પ્રેસમાં ઠાકોરદાસ માનસિંહે છાપ્યા.

સુરતી દરજીની સોળ પરગણાની પંચના નિયમો.



નીચે દરસાવેલાં ઠરાવો સોળ પરગણાની સમસ્ત પંચ ભેગી મળી તારીખ ૨૬ મી ડીસેમ્બર ૧૯૧૮ સંવત ૧૯૭૫ ના માગશર વદી ૯ ને ગુરૂવારે વાંકાનેર મુકામે ઘડી કહાડયાં છે જે પંચ સમક્ષ વાંચી સરવાનુમતે કબુલ મંજુર કર્યાં છે.

૧) સદરહુ નિયમોનો અમલ તા. ૨૬-૧૨-૧૮ થી કરવામાં આવશે.

૨) સદરહુ નિયમોથી આગળ થયલાં નિયમો રદ બાતલ સમજવા.

વિવાહ.

ઠરાવ ૧)

વિવાહ કરવા માટે કન્યાને ઘેર, બે માણસોને સાથે લઈ કરી છોકરાંવાળાએ જવું. કન્યાને કંકુનો ચાલ્લો કરી સાકરપડો આપી અને હાથમાં રૂપીઓ સવા મુકવો. ત્યારબાદ કન્યાના ગામની પંચને રૂપીઓ સવા આપી વિવાહ કર્યાં બાબતની ખબર પંચના મેહેમબરને ચોપડે છોકરા છોકરીનાં નામો સહીત નોંધાવવી. જણસમાં કાનના એરીંગ અને પગમાં ચાંદીના સાંકળાં અથવા કલ્લાં આસરે તોલાં ૪૦) ના આપવા. આવી રીતે નક્કી થએલો વિવાહ કોઈથી તુટી શકે નહી. અને કોઇ માણસ વિવાહ તોડે તો દંડના રૂા. ૧૦૧) અંકે એકસોને એક પ્રમુખને ત્યાં આપવા. રૂપીઆ પ્રમુખને ત્યાં જમા નહિ કરાવવામાં આવે ત્યાં સુધી વિવાહ તોડેલા ગણાશે નહિ.

લગ્ન.

ઠરાવ ૨)

લગ્નનો દીવસ નક્કી થવા આગમચ બંન્ને પક્ષવાળાએ ભેગા થઇ જણુસ વીગેરે તમામ બાબતનો ખુલાસો આગળથીજ કરી લેવો કે જેથી લગ્નને દીવસે તકરાર ટંટો ઉભો થાય નહી. જાન બીજે દિવસેજ દીકરીના માબાપે વિદાય કરવી તેમાં ચુક કરશે તે ન્યાતનો ગુન્હેગાર ગણાશે.

લગ્નનું પલ્લું.

દોરો સોનાનો ૧) ગળામાં	ચાંદીના સાંકળા અથવા કલ્લાં જોડ ૧) વીવાહમાં ઉપર (૪૦) તોલાનાં દરશાવવામાં આવેલા છે તે.
છાંટીયુ સોનાનું ૧) ,,	રેશમી સાડી પટાવાળી ૧)
કડું સોનાનું ૧) ઉંચા હાથનું	રેશમી ચોળી ૧)
નાકની વાળી ૧) મોતીની	ગજીના કમખા વીગેરે.

કુલ્લે રૂપીઆ ૩૫૧) સ[illegible]નો અવેજ છોકરાવાળાએ કન્યાને ચહડાવવો. વિદાયગીરી[illegible] માંડવા ખરચ જે લેવાતો હતો તે આજથી બંધ કરી અને ફક્ત રૂપીઆ સવાપાંચ છોકરી વિદા[illegible] કરતી વેળાએ વાડકામાં મુકવા. મોટા પ્રમાણમાં કન્યાદાન કર[illegible] ઇચ્છનારને છુટ છે; પરંતુ પંચના કાયદા મુજબ ફકત રૂપીઆ સવા પાંચ (રૂ. ૫ા) આપવાનો હક છે. વળી છોકરાંવાળાએ જે ગામે જ. લઇ જય જાય તે ગામની પંચને રૂપીઆ ૨) બે આપવા, અને તે રૂપીઆ કન્યાના ગામ મેમ્બરના ચોપડે જમા કરાવવા.

નાતરાનો રીવાજ.

ઠરાવ ૩)

નાતરામાં વરવાળાએ મોહનાળીએર આપતી વખતે જણુસ વિગેરે નક્કી કરી હોય તે બાબત બધી છોકરીવાળા ગામની પંચને ખબર કરવી. નાતરાનું પલ્લું નીચે મુજબ ઠરાવ્યું છે.

મોહનમાળા સોનાની ૧)
હીરાકંઠી સોનાની ૧)
કડાં સોનાનાં જોડ ૧) પહોચીનાં
કડું સોનાનું નંગ ૧) કોનીનું
ચાંલ્લો સોનાનો નંગ ૧)

ચાંદીના સાંકળા જોડ ૧)પગમાં
રેશમી સાડી પટાવાળી ૧)
ચોળી મખમલની ૧)
રેશમી ચણીઓ ૧)
કાનનાં વાળીઆં મોતીનાં
નખલી અને નાકની જડ
ચાંદીનાં પુલ, માછલી, વીંટા
વીટી વીગેરે.

કુલ્લે રૂપીઆ ૫૫૧) સુધીનો અવેજ કન્યાને વરવાળાએ ચહડાવવો. ત્યારબાદ પંચમાં હાગ તરીકે રૂપીઆ સવાપાંચ પંચને આપવા. કન્યાવાળા ગામના મેમ્બરને ચોપડે જમા કરાવવા.

સીમંત.

ઠરાવ ૪)

અઘરણી વખતે ન્યાતી ખરચ કરવાનો રીવાજ બંધ કર્યો છે. પરંતુ ખોળો ભરવાનું મુહરત એટલે [illegible])શપુંજા જે દીવસે કરે તે દીવસે બાઈના પીયર તરફથી બે માણસો આવી કરી છોકરાંને [illegible]ાંલ્લો કરી રૂપીઆ સવાપાંચ આપે. અને છોકરીને જે કાંઇ વધુ [illegible]ાપવું હોય તે તેના માબાપની મરજી ઉપર છે પરંતુ હક તરીકે [illegible] માગી શકે નહિ તેડવા આવેલા માણસોને બીજે દિવસે જમાડી [illegible]ીદાય કરવા. એ મુજબ જે માણસ નહિ વર્તશે તે ન્યાતનો ગુન્હેગાર ગણવામાં આવશે અને તે બદલ રૂ. ૫૧) ન્યાત તરફથી દંડ લેવામાં આવશે.

કન્યાવિક્રય.

ઠરાવ ૫)

કન્યાવિક્રય એટલે દીકરીના લગ્ન જોડતી વેળાએ અથવા નાતરૂં કરતી વેળાએ રૂપીઆ દીકરીના માબાપો ખાવા લેય છે તે રીવાજ આજથી સદંતર બંધ કર્યો છે અને કોઈ પણ માણસ

આ કાયદાનો ભંગ કરતો માલમ પડશે તો તે પંચનો ગુનેહગાર ગણાશે એટલુંજ નહિ પણ લીધેલી રકમ પંચના સ્વાધીનમાં આપવી પડશે. અને પૈસા લેનાર તથા આપનાર બેઉ માણુસોને પંચના ગુનેહગાર ગણુવામાં આવશે.

ફારગતી.

ઠરાવ ૬)

ધણી, ધણીઆણીનાં છુટાછેડા કરવાનો રીવાજ આજથી બંધ કર્યો છે પરંતુ સ્ત્રી, પુરૂષમાં ભારી ખોડ હોય અને ઘરસુત્રમાં નિરૂપયોગી થઇ પડે, એવી બાબત પંચ આગળ રજુ થશે તો પંચ તેની સંપૂર્ણ તપાસ કરી પંચને જે યોગ્ય લાગશે તે ખુલાશો કરે તે છેવટનો ગણાશે. જો નિકાલમાં ફારગતી કરવામાં આવે તો નીમેલી રકમમાંથી રૂા. ૫૧) અંકે એકાવન પંચ લેશે અને તે પ્રમુખને ચોપડે જમા થશે.

વ્યસન.

ઠરાવ ૭)

સારાં અથવા નબળાં પ્રસંગો ઉપર ખરચ વરામાં ઘરધણીએ પોતાને ત્યાં બીલકુલ વ્યસન પાણી વાપરવું નહી અને આ કાયદાનો ભંગ કરનાર પંચનો ગુનેહગાર ઠરશે અને પંચને યોગ્ય લાગે તે શીક્ષાને પાત્ર ઠરશે. અને આવનાર માણસ પૈકી કોઇ પોતાના ખાનગી પૈસાથી વધુ નિશા કરી ખોટી રીતે ફીતુર કરશે તો તેને પણ પંચનો ગુનેહગાર ગણી શિક્ષા કરવામાં આવશે.

રડવા કુટવાનો રીવાજ.

ઠરાવ ૮)

મરણ વેળાએ પાદરેથી રડતાં જવાનો રીવાજ બંધ કર્યો છે. પરંતુ કોઇને ત્યાં મોઠો બનાવ બને તો તેને ઘેર પહોંચ્યા પછી એ વહેવાર કરવો. અને તે પણ મરણ પછી બાર દીવસની અંદરજ થવો જોઇએ.

મરણનો ન્યાતવરો.

ઠરાવ ૯)

પચ્ચીસ વરસની અંદરની ઉમરના સ્ત્રી, પુરૂષના, મરણમાં ફક્ત મરણક્રીયા બ્રાહ્મણદ્વારાએ કરાવવી. પરંતુ ન્યાતીવરો કરવાનો રીવાજ બંધ કર્યો છે. ઉપર દરશાવેલી વયથી વધુ ઉમ્મરના મરણ સંબંધમાં ખરચ કરવો, અગર નહિ કરવો તે ધણીની મરજીની વાત છે. જે માણસ મરણ પાછળ વધુ ઉંમરવાળા માણસનો કદાચ ખર્ચ કરે તો ફક્ત દિવસ બે કરવો, એ પ્રમાણે નહિ વર્તશે તે ન્યાતનો ગુન્હેગાર ગણાશે. ને ન્યાત નજરમાં આવે તેટલો તેની પાસે દંડ લેશે.

ઠરાવ ૧૦)

છોકરાના લગ્ન વખતે જે આપણામાં ચાંલ્લો કરવાનો રીવાજ છે તે રીવાજ આજથી બંધ કર્યો છે તેમ ચાંદલો પાછો ઉમેરીને આપતા તે પણ બંધ કર્યો છે. પોતાના ખરાં સગાં એટલે બેન ભાણજાં વીગેરેને જે આપવું હોય ( ) છુટ છે.

છોકરીના લગ્ન વખતે કન્યાદાન કરવાની દરેકને છુટ છે.

રાવ ૧૧)

દરેક ગામોમાં મેમ્બરો ~~નીમ~~વામાં આવ્યા છે, અને ઘર દીઠ વાર્ષિક લવાજમ આના આઠ લેવા ઠરાવ્યું છે. તે નીમેલા મેમ્બરને તારીખ ૧ લી માર્ચ સુધીમાં તમામે ભરવું અને મેમ્બરોએ તાકીદ કરી લેવા. દર વરસે એજ વહીવટ રાખવામાં આવશે. સદરહુ રકમનો હિસાબ દરેક જગાના નીમેલા મેમ્બરોએ પોતાના ગામનો તથા તેમનાં લગતાં જે ગામો આવેલાં હોય ત્યાંથી જે કારણસર પૈસાની રકમ આવી હોય તે ઇલાયદી ચોપડી રાખી મિતિ સહીત નામ તથા વીગતવાર જમા કરવી અને કોઈ કારણસર ખર્ચ થયો હોય તે નામ તથા વિગતવાર

ઉધારવો. વરસમાં એકવાર પ્રમુખ તરફથી ભેગા થવા માટે ફરમાન થશે તે વખતે દરેક ગામના મેમ્બરોએ પોતપોતાના હિસાબની ચોપડી રજુ કરવી, તેમાં કોઈપણ મેમ્બરની ચૂક જણાશે તો તેને નાત તરફથી પૂછવામાં આવશે અને પંચના ગુન્હેગાર ગણાશે.

કોઈપણ માણસને સાધારણ કારણસર પંચના માણસની જરૂર પડે તો આજુબાજુના ગામના મેમ્બરોને અરજ કરવી અને અરજ કરતી વખતે ગામના અથવા બહાર ગામના મેમ્બરોને રૂ. પા સવાપાંચ જમા આપવા અને આવેલા માણસોને માટે જમવાની સોય અરજ કરનાર માણસે રાખવી.

તકરારી બાબતનો નિકાલ આજુબાજુના મેમ્બરોથી ન થાય તો પ્રમુખને તા. ૧ લી જાન્યુઆરીએ પહોંચે તેવી રીતે લેખીત અરજ પોતાની વિગત જણાવી સહી સાથે કરવી. અને અરજ કર્યા પહેલાં પંચ બોલાવવા બદલ રૂ. ૧૫) ભરી જવા. પ્રમુખ તરફથી જે તારીખે હાજર થવાનું ફરમાન થાય તે તારીખે હાજર થવું અને ઠરાવેલી તારીખ પહેલાં જો કોઇ માણસને તાકીદે જરૂર હોય તો ઉપર ઠરાવેલા મુજબ રકમ ભરી અરજ કરવી કે તુરત પંચ બોલાવવામાં આવશે. રકમ ભર્યા સિવાય અરજ કરશે તેની અરજ સાંભળવામાં આવશે નહિ. પ્રમુખ સાહેબ તરફથી મેમ્બરોને અગર બીજા કોઈ ગૃહસ્થને બોલાવવા બાબત સૂચના પત્ર મળે તે દિવસે નિમેલી જગ્યાએ નીમેલા ટાઇમે હાજર થવું સૂચનાપત્રમાં લખ્યા મુજબ વર્તવું. કોઇ કારણુસર આવી ન શકાય તો ઠરાવેલી તારીખ પહેલાં ૭ દિવસ આગળ પ્રમુખ સાહેબને પોતાની ખરી હકીકત લખી લેખી ખબર પોતાની સહી સાથે આપવી જો પ્રમુખને ખરૂ કારણ માલૂમ પડશે તો ફરી ઠરાવની તારીખ નીમવામાં આવશે અને તે બદલ ફરી સૂચનાપત્ર મોકલવામાં આવશે તો તે મુજબ હાજર રહેવું, બીજીવારનું સૂચનાપત્ર મળે હાજર નહિ થશે તો પંચની ધ્યાનમાં આવે તે પ્રમાણે છેવટ નિકાલ કરવામાં આવશે.

પરગણાના મેમ્બરોને પોતપોતાના પરગણામાં વિવાહ કર્યા બદલ નોંધના તથા ઘરવેશના તથા પૂનર્લગ્નના, હોગના તથા સાધારણ કારણસર અરજ કરે તે બદલના રૂપીઆ લેવાનો હક છે, બીજા દંડ તરીકેના રૂપીઆ લેવાનો હક નથી. દંડ તરીકે જે રકમ લેવામાં આવે તે પ્રમુખ તરફ જમા કરાવવાની છે.

વરસમાં એકવાર પ્રમુખ તરફથી મેમ્બરોને ભેગા કરવામાં આવે તે વખતે જે ખર્ચ થાય તે ખર્ચ ઉપાર્જીત થએલી રકમમાંથી કરવામાં આવશે.

જે માણસો પૈસાની રકમ મેમ્બરને અથવા પ્રમુખને જે કારણસર ભરે તેની લેખી રસીદ લઇને તેઓએ ભરવા; અને પૈસા લેનાર માણસે રસીદ ઉપર પોતાની સહી કરી રસીદ આપવી.

ઉપર મુજબના ઠરાવો સિવાય સુધારાના બીજા ઠરાવ પસાર કરવા હશે તો જ્યારે જ્યારે પંચ ભેગી થાય તે વખતે લેખી જાહેરરાત મૂકવી અને તે પસાર કરવા ઘટે તો સર્વાનુમતે પસાર કરવા.



કાર્યવાહકો.

નીચે દરશાવેલાં ગૃહસ્થોને મેંમબર તરીકે સરવાનુમતે ચુંટી કહાડવામાં આવ્યા છે.

રા. રા. કાળીદાસ જેરામ (પ્રમુખ) મુ० વાંકાનેર.

રા. રા. નારણ રતનજી	બોઢાણ	રા. રા. પ્રાગજી પેમા	ગણેશવાડ શીસોદરા
,, કલ્યાણ ગોરધન	,,		
,, ઘેલાભાઇ કલ્યાણ	મોતા	,, ભાણા મકન	,,
,, જેરામ લાલા	,,	,, રામા ભાણા	જુનસાડ
,, ભગવાન નાગજી	બારડોલી	,, ગાંડા જીણા	દાંભેલ
,, ખુશાલ ગોપાળ	,,	,, પરસોતમ વલ્લભ	,,
,, પ્રેમા પરશોતમ	વરાડ	,, કસન ભગા	વેસમા
,, જીવણ દુલ્લભ	રાજપરા	,, મકન ડાહ્યા	,,
,, ગોવન પરસોતમ	કડોદ	,, વીઠલ મુળજી	ટીમ્બરવા
,, પરસોતમ ભાણ	,,	,, રામા કેશવ	વાંઝ
,, ડાહ્યા જેરામ	માંડવી	,, નારણ નરસાઈ	કુંભારીઆ
,, છીતા પરભુ	,,	,, દલુ રણછોડ	ખોલસર
,, ભગા નરસાઇ	મોટેરા	,, રામા કાળા	વળણ
,, વીડલ ઉકા	,,	,, જીવણ દુલ્લભ	અસ્ટગા
,, પેમા લખા	વાંકાનેર	,, [illegible]જી હીરા	ખુહ
,, પરસોતમ પેમા	,,	,, કાળા કુંવરજી	
,, હરગોવન વીઠલ	વાલોડ	,, કલ્યાણ ઇચ્છાર.	
,, બહેચર મોરાર	બાજીપરા	,, વલભ જીણા	કઠો..
,, નાગર વીશરામ	સરભોણ	,, ડાહ્યા ભીખા	,,
,, હીરા ડાહ્યા	,,	,, ગોવન વીઠલ	બગુમરા
,, મોરાર ભગવાન	મહુવા	,, ખુશાલ ઉકા	દીગશ
,, દયારામ ભીખા	પલસાણા	,, ભીખા મકન	ધામ..
,, ગુલાબ મોરાર	એના	,, કાળા વલ્લભ	આરક શીશોદરા
		,, ફકીરા વલ્લભ	ઘરા

[illegible] મુજબના ઠરાવો અને કાયદાઓ સમસ્ત પંચે પસાર કર્યા છે.

સહી કાળીદાસ જેરામ.